આદર્શ નિવાસી શાળા, (વિ.જા.), ચકલાસી, તા.નડીયાદ, જિ.ખેડા ખાતે બાથરૂમ બ્લોક બનાવવા માટે રૂા.૧૭.૦૦ લાખ (અંકે રૂપિયા સત્તર લાખ પૂરા)ની ખર્ચ કરવાની મંજૂરી આપવા બાબત.

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: **SJED/MIS/e-file/17/2026/1294/A-1 Section**
સચિવાલય, ગાંધીનગર.
તા.ઈ-સાઈન મુજબ.

**વંચાણમાં લીધા :-**

(૧)આ વિભાગનો તા.૩૦/૦૪/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2025/3004/A-1 Section.

(૨)નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૧૩/૦૫/૨૦૨૬નો પત્ર ક્રમાંક: DDCW/RPR/e-file/225/2025/0429/Chh-Branch - Government Hostel.

**આમુખ:**

ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ના માર્ગ અને મકાન વિભાગના અંદાજપત્રમાં વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાના મકાનમા રીપેરીંગ/રીનોવેશન કામ અંગેના કુલ રૂ.૧૧.૯૬ કરોડની જોગવાઇમાં પત્રક-૨માં દર્શાવેલ સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાના મકાનમા રીપેરીંગ/રીનોવેશન કામ માટે કુલ રૂ.૧.૦૦ કરોડની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જે અન્વયે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત વંચાણમાં લીધેલ ક્રમાંક (૨) પરના તા.૧૩/૦૫/૨૦૨૬ના પત્રથી આદર્શ નિવાસી શાળા, (વિ. જા.), ચકલાસી, તા.નડીયાદ, જિ.ખેડા ખાતે બાથરૂમ બ્લોક બનાવવા માટે રૂા.૧૭.૦૦ લાખ (અંકે રૂપિયા સત્તર લાખ પૂરા)ના ખર્ચને મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે, નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ના માર્ગ અને મકાન વિભાગના અંદાજપત્રમાં વિકસતી જાતિ પ્રભાગના સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાના મકાનમાં રીપેરીંગ/રીનોવેશન કામ અંગે રૂ.૧.૦૦ કરોડની જોગવાઇમાંથી આદર્શ નિવાસી શાળા, (વિ. જા.), ચકલાસી, તા.નડીયાદ, જિ.ખેડા ખાતે બાથરૂમ બ્લોક બનાવવા માટે બ્લોક એસ્ટીમેટમાં જણાવ્યા મુજબ રૂા.૧૭.૦૦ લાખ (અંકે રૂપિયા સત્તર લાખ પૂરા)ના ખર્ચને ઉક્ત બજેટ જોગવાઇમાંથી બચત રહેલ છે, તેમ માની સદર ખર્ચ અંદાજપત્રીય જોગવાઇથી વધી ન જાય તે બાબતે તકેદારી રાખવાની શરતે તથા નીચે દર્શાવેલ અન્ય શરતોને આધીન આથી ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવે છે.:-

**શરતો:**

1. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
2. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઓચિત્યના સિધ્ધાંતોનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.
3. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
4. સબંધિત જિલ્લા નાયબ નિયામક/સમાજ કલ્યાણ અધિકારીશ્રી દ્વારા સબંધિત અધિક્ષક ઇજનેરશ્રી/કાર્યપાલક ઇજનેરશ્રીના પરામર્શમાં ઉક્ત તમામ કામો ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં પુર્ણ કરવા તાત્કાલિક નિયમોનુસારની કાયવાહી હાથ ધરવાની રહેશે.
5. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણએ આપેલ મંજૂરી અન્વયે થયેલ ખર્ચની વિગતો તેમજ કામગીરી પૂર્ણ કર્યાના અહેવાલની વિગતો વિભાગને રજૂ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૮૪, મુખ્ય સદર: ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘમતીઓના

કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઈ, પેટા મુખ્ય સદર: ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭ શિક્ષણ, પેટા સદર: ૭૨ મકાનો વિગતવાર સદર: ૦૦, હેતુ સદર: ૫૩૦૦ મોટા કામ (૧૧) જુદા જુદા (મા. અને મ.) પ્રભાગ, રાજ્યમાં અન્ય પછાત વર્ગો માટેના સરકારી મકાનોની પુન: સજાવટ હેઠળ ચાલુ વર્ષે ૨૦૨૬-૨૭માં થયેલ બજેટ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૦૯/૦૭/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(આશુતોષ દેવડા)**
**e-SD/-**
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ગુજરાત સરકાર

**નકલ રવાના:-**

- સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સબંધિત જિલ્લા નાયબ નિયામક/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત).
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ખેડા.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કો.સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવને વિભાગની વેબ સાઇટ પર મૂકવા સારૂં)
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૬.

*Signature Not Verified*

*Signed by: A L Devada*
*Under Secretary*
*Date:2026.07.20*
*15:07:40 +5:30*